**PRESS RELEASE**

# INSIGHT
THE CONSUMER MAGAZINE

## આગામી તા.૧૪-૪-૨૦૦૭ની આવૃત્તિમાં પ્રસિધ્ધી અર્થે

## ૨૩ બ્રાન્ડઝની એન્ટી હાઇપરટેન્સીવ ગોળીઓની ચકાસણી : બધી ખરી ઉતરી

**ઇનસાઇટ - ધ કન્ઝ્યુમર મેગેઝીન**ને તેનાં **માર્ચ - એપ્રિલ ૨૦૦૭**નાં અંકમાં **એન્ટી - હાઇપરટેન્સીવ**ની ગોળીઓની **૨૩ બ્રાન્ડઝ (૫ મૉલીક્યુલ્સ)**નું તુલનાત્મક પરિક્ષણ, પોતાની જ પ્રયોગશાળામાં કરી તેનાં પરિણામો પ્રસિધ્ધ કરેલા છે. જે બ્રાન્ડઝનું પરિક્ષણ કરવામાં આવ્યું છે તેનું દેશ-ભરમાં વેચાણ થઇ રહ્યું છે.

લોકો એવું સમજે છે કે દરરોજ લેવાતા ખોરાકને કારણે લોહીનું દબાણ વધે છે. લોહીનાં દબાણમાં વધારો થવો તે હાઇપર ટેન્શનનું પણ પ્રતિક છે. લોહીનાં દબાણમાં જેના લીધે વધારો થાય છે તેવી બીજી બાબતો છે જેવી કે શારિરીક કસરત, તનાવ, વ્યગ્રતા, લાગણીમાં બદલાવ. જો હાઇપર ટેન્શન અવગણવામાં આવે તો તેનાં પરિણામે જાત-જાતના રોગો ઉપરાંત ઘણી જાતની અપંગતા ઉત્પન્ન થવા જેવી વિકટ પરિસ્થિતિ ઉત્પન્ન થઇ શકે છે. આવી વિકટ પરિસ્થિતિ મૃત્યુ તરફ પણ દોરી જાય છે. હાઇપર ટેન્શનનાં દર્દીની ચિકિત્સા તેની જીવન ચર્યા બદલીને પણ કરી શકાય છે અથવા એન્ટી હાઇપરટેન્સીવની ગોળીઓ આપીને પણ કરી શકાય છે અથવા બંને રીતે પણ કરાય છે.

આથી અમે આ જીવન રક્ષક ઔષધ ચકાસવાનું નક્કી કર્યું. એ જાણીને રાહત અનુભવશો કે ચકાસેલી બધી જ બ્રાન્ડઝ બ્રિટીશ. ઇન્ડીયન અને યુ.એસ. ફાર્માકૉપીયામાં દર્શાવેલ માનકો સાથે સુસંગત છે.

### બે જાતની ઔષધ

અમે એન્ટી હાઇપરટેન્સીવ ઔષધની **એક મોલીક્યુલવાળી** તેમજ **મિશ્રણવાળી** ગોળીઓની ચકાસણી કરી હતી. મોટેભાગે હાલમાં ડૉકટરો મિશ્રણવાળી ઔષધ જ પસંદ કરે છે અને સુચવે છે.

જે મૉલીક્યુલ્સ ચકાસવામાં આવ્યા તેમાં **atenolol, enalapril, Lisinopril** હતા. Atenolol એ beta-blocker છે. Enalapril અને Lisinopril - ACE inhibitors છે. Hydrochlorothiazide સાથે Enalapril maleate અને chlorthalidone સાથે atenolol ચકાસેલા મિશ્રણવાળા ઔષધ હતા. Hydrochlorothiazide સાથે Enalapril maleate એ thiazide સાથેનો ACE inhibitor છે અને chlorthalidone સાથે atenolol એ calcium channel blocker સાથેનો beta blocker છે.

### માનક

દરેક ઔષધને તેનાં સંબંધિત ફાર્માકોપીયા મુજબ ચકાસી, મિશ્રણવાળી ઉત્પાદન atenolol અને chlorthalidone ઉપર BP (બ્રીટીશ ફાર્માકોપીયા) નું ચિન્હ દર્શાવેલ પરંતુ ગ્રાહકોને વધુ માહિતી પુરી પાડવા યુ.એસ. ફાર્માકોપીયા અનુસાર ચકાસવામાં આવી. USP (યુ.એસ. ફાર્માકોપીયા)માં જે ઓગળવાની કસોટી (dissolution test) દર્શાવવામાં આવી છે તેનો બ્રીટીશ ફાર્માકોપીયામાં કોઇ પ્રબંધ નથી.

### બિન્દુ પરિમાણ

બધી જ ગોળીઓને ચાર મુખ્ય બિન્દુ પરિમાણથી ચકાસવામાં આવ્યા તે છે ઓળખ, પૃથ્થકરણ, વજનની એકરૂપતા અને ઘટક તત્વોનું વિઘટન. અમે મિશ્રણવાળી ઉત્પાદન atenolol સાથે chlorthalidone ને ઓગળવાની કસોટી યુ.એસ. ફાર્માકોપીયા મુજબ ચકાસી. **Atecard-D** સિવાયની બધી જ બ્રાન્ડઝ આ ચકાસણીમાં ખરી ઉતરી. **ડાબર** દ્વારા ઉત્પાદિત ઔષધ, એક ઓગળવાની ચકાસણી સિવાય બધી જ ચકાસણીમાં ખરી ઉતરી. યુ.એસ. ફાર્માકોપીયામાં દર્શાવેલ ઓગળવાની ચકાસણીમાં **Atecard-D** ચકાસણીમાં ખરી ઉતરી શકી નહીં. ઓછું ઓગળવું એટલે દવાની અસર ધીરે-ધીરે થવી અને ઔષધનું લોહીમાં ઓછું શોષાવું. **Atecard-D** સિવાયની બધી જ બ્રાન્ડઝ કે જેમાં BP નું ચિન્હ દર્શાવેલ હતુ તે બધી ને USP મુજબ ચકાસતા ઓગળવાની કસોટી સહિતની બધી જ કસોટીમાંથી ખરી ઉતરી છે.

..૨..

Opinions,tet results and research findings issued through this Press Release cannot be used in any form directly or indirectly for advertising, promotional or commercial purpose.

**CONSUMER EDUCATION AND RESEARCH SOCIETY**
"Suraksha Sankool", Thaltej, Ahmedabad-Gandhinagar highway,
Ahmedabad -380054
Phone: 079-27489945-46, 27450528, 30121001-02-03 Fax: 079-27489947
Email: cerc@cercindia.org Home Page : www.cercindia.org

**કિંમત**

બધી જ બ્રાન્ડઝ માનકના ધારા-ધોરણો સાથે સુસંગત થતી હોવાથી કિંમત એ ખરીદીને અસર કરતું એક મુખ્ય પરિબળ છે. **Astra Zeneca Pharma** દ્વારા ઉત્પાદિત Zestril (૨.૫ મિ.ગ્રા.) તે Lisinoprilની બધી બ્રાન્ડઝ કરતાં મોંઘી માલુમ પડી.

**ઓળખ**

આ કસોટી, ઔષધમાં રહેલા સક્રિય અંશની ઓળખ માટેની છે.

## એસે પરિક્ષણ (Assay)

ગોળીથી ફાયદો થાય છે કે નહીં તે જોવા માટે તેમાં રહેલા ઘટક તત્વોનું ખરેખર પ્રમાણ કેટલું છે અને તે જથ્થો દવાનાં ખોખામાં દર્શાવેલા લેબલ જેટલો છે કે નહીં તે માટે એસે પરિક્ષણ (Assny) કરવામાં આવ્યું. આ કસોટી માટે દરેક બ્રાન્ડની ૨૦ ગોળીઓ લેવામાં આવી.

**વજનમાં સામ્યતા**

નક્કી કરાયેલા ઔષધના એકમનાં સરેરાશ વજનમાંથી દરેકમાં રહેલ તફાવતને તપાસવા માટે આ પરિક્ષણ કરવામાં આવે છે. આથી એવું માલુમ પડે છે કે ગોળીઓ બનાવતી વખતે જ તેનાં ઘટકોનાં તત્વો દરેકમાં એક સરખાં વહેંચાયેલાં છે.

**ઘટક તત્વોનું વિઘટન**

અમુક નિશ્ચિત સમયમાં ગોળી ઓગળવા માટે. ગોળી નાના-નાના કણોમાં તૂટી જવી (disintegration થવું) જરૂરી છે. આ પરિક્ષણ દ્વારા ચકાસવામાં આવે છે કે આવું થાય છે કે નહીં.

**ઓષધની માત્રામાં સામ્યતા**

આ પરિક્ષણ એ દર્શાવે છે કે એક ડોઝમાં એટલે કે એક ગોળીમાં, તેમાં દર્શાવેલ સક્રિય અંશ હકીકતમાં હાજર છે કે નહીં.

**ઓગળવું**

ઓગળવાનાં પરિક્ષણમાં ગોળીમાંથી ઔષધ હકીકતમાં કેટલું છૂટુ પડે છે તે માપે છે. શરીર માટે દવા મળતી રહે તે માટેનું આ એક અનિવાર્ય પગલું છે.

નિર્ધારિત નિતિ પ્રમાણે પરિણામો, બધા જ ઉત્પાદકોને તેમનાં મંતવ્યો અને ટીકાઓ માટે જાણ કરીએ છીએ. જેમાં દરેકને માત્ર તેનાં જ ઉત્પાદનોનાં પરિણામો પ્રાપ્ત થાય છે. પરિક્ષણનો વિગતવાર અહેવાલ **ઇનસાઇટ** ના **માર્ચ - એપ્રિલ ૨૦૦૭** ના અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**તા. : ૧૩-૪-૨૦૦૭**
**સ્થળ : અમદાવાદ**

**પ્રિતી શાહ**
**તંત્રી**
**ઇનસાઇટ - ધી કન્ઝ્યુમર મેગેઝીન.**

**બિડાણ :** એન્ટી-હાઇપરટેન્સીવ ગોળીનાં પરિક્ષણનાં પરિણામો

અમે જે હાઇપરટેન્સીવ ગોળીઓની ૨૩ બ્રાન્ડઝ (૫ મોલીક્યુલ્સ) ચકાસી તે બધી ભારતની નામી બ્રાન્ડઝ છે. **Atenolol** જે ૨૫ મિ.ગ્રા.ની તાકાત ધરાવે છે તેમાં છે **Atenova, Hipres, Betacard, Atepark, Tenormin, Tensicard, Atenax** અને **Atecard**.

**Enalapril maleate** જે ૨.૫ મિ.ગ્રા.ની તાકાત ધરાવે છે તેમાં છે **Envas, Enam, Enapril** અને **Enace.**

**Lisinopril** જે ૨.૫ મિ.ગ્રા.ની તાકાત ધરાવે છે તેમાં છે **Listril, Lipril, Cipril** અને **Zestril**.

**Enalapril maleate** સાથે **Hydrochlorothiazide** જેમાં છે **Normace-D, Enapril-HT, Enace-D** અને **Envas-H** તે મિશ્રણવાળા બ્રાન્ડઝ છે.

જ્યારે **Atenolol** સાથે **Chorthalidone** જેમાં છે **Tenoric-૫૦, Tenoclor-૫૦** અને **Atecard-D** જે મિશ્રણવાળા બ્રાન્ડઝ છે.